રોટરી હોલ નડીઆદ ખાતે ધી વિમેન સિનિયર સિટીઝન ફોરમ નડીઆદ દ્વારા યોજાયેલ મિલન સમારોહમાં પ્રાસંગિક ઉદ્‌બોધન કરી રહેલા સંસ્થાના પ્રમુખ વિમળાબેન દેસાઈ, પ્રેમીલાબેન દેસાઈ, કાર્યકારી પ્રમુખ ઉર્મિલાબેન ગાંધી (સેક્રેટરી), સામાજીક કાર્યકર નરેન્દ્રભાઈ નકુમ, અસ્મિતા અભિવાદન સમિતિના પ્રમુખ ગૌતમભાઈ બ્રહ્મભટ્ટ જણાય છે. જ્યારે ઈન્સેટ તસવીરમાં સામાજીક કાર્યકર નરેન્દ્રભાઈ નકુમને મહાત્મા જ્યોતિબા ફુલે પુરસ્કારથી સન્માનીત થયા તેઓશ્રીનું સન્માન થઈ રહેલ જણાય છે. (તસવીર : રાજુ મહંત, નડીઆદ)

સામૂહિક આરોગ્ય કેન્દ્ર તારાપુર ખાતે કલેકટર દ્વારા ઓપરેશન કરાવેલ બાળકોને ફળનું વિતરણ કરાયું

તારાપુર, તા. ૧૦

સામુહિક આરોગ્ય કેન્દ્ર તારાપુર ખાતે આજરોજ ઓપરેશન કરાયેલા બાળકોને ફળનું વિતરણ જિલ્લા કલેકટર દિલીપ રાણા તથા જિલ્લાના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

સામુહિક આરોગ્ય કેન્દ્ર તારાપુર ખાતે શાળા આરોગ્ય કાર્યક્રમ ૧૯ અંતર્ગત રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ ટીમ દ્વારા ચાલુ વર્ષે જોવા મળેલ હર્નિયા, હાઈડ્રોસિલ, અને ફાઈ મોસિનના દર્દીઓનો સારવાર કેમ્પ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં તારાપુર સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક ડો આર બી બેસ દ્વારા ૨૯ બાળકોનું સારણગાંઠનું ઓપરેશન નીઃશુલ્કપણે કરવામાં આવ્યું હતું તથા દવાઓ મફતમાં ઉપલબ્ધ કરાવાઈ હતી. અન્ય બાળકોનાં ઓપરેશન આવનાર દિવસોમાં નિશુલ્ક પણ કરવામાં આવનાર છે. શાળા આરોગ્ય કાર્યક્રમ ૧૯ અંતર્ગત આજરોજ જિલ્લા કલેક્ટર દિલીપ રાણા દ્વારા ઓપરેશન કરેલ તમામ બાળકોના ખબર અંતર પૂછી ફળનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડો, તાલુકા આરોગ્ય અધિકારી, પ્રાંત અધિકારી દેવાંગીબેન દેસાઈ તથા નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક ખાસ ઉપસ્થિત હતા.

ખેડા જિલ્લા બાળ કલ્યાણ સમિતિના ચેરમેન તરીકે રાકેશ રાવની નિમણૂંક

ખેડા જિલ્લા બાળ કલ્યાણ સમિતિના ચેરમેન તરીકે પૂર્વ ધારાસભ્ય અને જાણીતા ધારાશાસ્ત્રી રાકેશ રાવની નિમણુંક થઈ. તસવીરમાં રાકેશ રાવ જણાય છે.
(તસવીર : રાજુ મહંત, નડીઆદ)

નડીઆદ, તા. ૧૦

ગુજરાત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા તા. ૧ જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ એક જાહેરનામું બહાર પાડી જુવેનાઈલ જસ્ટીસ એકટ ૨૦૧૫ ની કલમ ૨૭ ની જોગવાઈઓ હેઠળ રાજ્યના કચ્છ, ખેડા અને અરવલ્લી જિલ્લાની બાળ કલ્યાણ સમિતિઓનું ગઠન કરેલ છે. તે મુજબ ખેડા જિલ્લા માટેની સમિતિના ચેરમેન તરીકે રાકેશ રાવ એડવોકેટની નિમણૂંક કરવામાં આવેલ છે.

સમિતિના સદસ્યો તરીકે રાજેન્દ્રપ્રસાદ મોહનલાલ શર્મા, ભૂપેન્દ્રભાઈ મણીભાઈ પટેલ તથા મહિલા સભ્ય તરીકે બીનીતાબેન પીન્કેશભાઈ દેસાઈની નિમણુંક કરવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ આ સમિતિ કાયદાની જોગવાઈઓ મુજબ બનાવવામાં આવે છે અને આ સમિતિના ચેરમેનની પસંદગી પ્રક્રિયા નિવૃત્ત હાઈકોર્ટના જસ્ટીસના અધ્યક્ષતા હેઠળ બનેલ રાજ્યકક્ષાની સમિતિ દ્વારા રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવે છે. જેના આધારે રાજ્ય સરકાર આ સમિતિનું ગઠન કરે છે.

એમરી હોસ્પિટલમાં વિવિધ રમતો રમાડવામાં આવી

આણંદ, તા. ૧૦

ધી સાલ્વેશન આર્મી એમરી હોસ્પિટલ દ્વારા નાતાલની ઉજવણી અંતર્ગત બોકસીંગ ડે ઉજવવામાં આવ્યો હતો. મેજર એન્ડુઝ ડી. ક્રિશ્ચિયન, હોસ્પિટલ એડમીનીસ્ટ્રેટરની આગેવાની હેઠળ દરેક સ્ટાફ અને તેઓના પરિવાર ઉજવણીમાં ભાગ લેવા ઉપસ્થિત રહ્યા હતા. મેજર એન્ડુઝ ડી. ક્રિશ્ચિયનને પ્રાર્થના કરાવી શરૂઆત કરી હતી.

પ્રથમ બાળકો માટે રમતની શરૂઆત કરી. તેઓએ સંગીત ખુરશી, લીંબુ ચમચી, કોથળા દોડ, ત્રિપગી દોડમાં ઉત્સાહથી ભાગ લીધો. ત્યારબાદ બહેનો માટે અને ભાઈઓ માટે પણ સંગીત ખુરશી, લીંબુ ચમચી, કોથળા દોડ, ત્રિપગી દોડ અને ગોળા ફેંકની રમતમાં આવી દરેક રમતમાં પ્રથમ ત્રણ નંબર આપવામાં આવ્યા હતા. ત્યાર પછી પારિવારિક સંગત રાખવામાં આવી હતી. મેજર એન્ડુઝ ડી. ક્રિશ્ચિયન, હોસ્પિટલ એડમીનીસ્ટ્રેટરે દરેક સ્ટાફ મેમ્બરને પોતાના પરિવારના સભ્યો સાથે વારાફરતી આગળ બોલાવીને તેઓનો આવકાર કરી પરિચય આપવાની તક આપી હતી. અને પ્રેમ ભેટ આપી તેઓનું સન્માન કર્યુ હતું. મેજર એન્ડુઝ ડી. ક્રિશ્ચિયન, હોસ્પિટલ એનડીમીનસ્ટ્રેટર સાથે મેજર સુનીતા એ. ક્રિશ્ચિયન, મેજર પ્રકાશ બી. મેકવાન, મેજર પ્રફુલ્લતા ચૌહાણ, મેટ્રન વંદનાબેન મોગરીયા હાજર રહ્યા હતા. રમતમાં પ્રથમ ત્રણ નંબરે આવેલા વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા.

આણંદ જિલ્લાના રાષ્ટ્રિય અને આં.રા. કક્ષાએ મેડલ મેળવનાર ખેલાડીઓ અરજી કરે

આણંદ, તા. ૧૦

આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ દરમ્યાન રમત-ગમત ક્ષેત્રે રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય કક્ષાની રમતોમાં મેડલ વિજેતા ખેલાડીનું સમ્માન માન મંત્રીશ્રીના હસ્તે આગામી પ્રજાસત્તાક દિનેની કરવામાં આવનાર છે.

આણંદ જિલ્લાના રમત-ગમત ક્ષેત્રે રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય કક્ષાની રમતોમાં મેડલ વિજેતા ખેલાડીઓ પાસેથી આધાર-પુરાવા અંગેના સાધનિક પુરાવા સાથે સુવાચ્ય અક્ષરે અરજી તા-૧૬/૦૧/૨૦૧૯ સુધીમાં જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી, રૂમ નંબર-૩૦૭, જુના સેવા સદન, ત્રીજો માળ, આણંદ ખાતે બિનચુક મોકલી આપવા જિલ્લા રમત-ગમત અધિકારીશ્રીની કચેરી, આણદની યાદીમાં જણાવાયું છે.

રાસનોલમાં ડમ્પરની અડફેટે બાઈક સવારનું મોત, ૧ ઘાયલ

આણંદ, તા. ૧૦

આણંદ તાલુકાના રાસનોલ ગામના વાઘરીવાસ પાસે આવેલ રોડ ઉપર બાઈક લઈ ઉભેલા બાઈક ચાલકને અજાણ્યા ડમ્પર ચાલકે અડફેટમાં લેતાં બાઈક ચાલકનું માથુ ફાટી જતાં ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે પાછળ બેઠેલ સવારને ઈજાઓ થતાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

આણંદ તાલુકાના રાસનોલ ગામમાં રહેતાં કાર્તિકભાઈ રમેશભાઈ પરમાર પોતાનું બાઈક નંબર જી. જે. ૨૩ બી. એન. ૬૫૫૩ પાછળ તરૂણભાઈ મનુભાઈ પરમાર જ્યારે રાસનોલ ખાતે ઉભા હતા. ત્યારે સામેથી આવેલ ડમ્પર આવતાં અડફેટમાં આવી જતાં તેઓને ગંભરી ઈજાઓ થતાં કાર્તિકભાઈનું મૃત્યુ થયું હતું અને તરૂણભાઈને ગંભીર ઈજાઓ થતાં તેમને હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા.

નયા પડકાર
ઈન્ટરનેટ ઉપર
વાંચવા માટે ક્લિક કરો
nayapadkar.in

સરકારી માધ્યમિક શાળા, લુણેજના પ્રોજેકટને રાજ્યકક્ષાની સ્પર્ધામાં પ્રથમ સ્થાને પસંદ કરાયો

આણંદ, તા. ૧૦

માનવ સંશાધન વિકાસ મંત્રાલયને મેક ઈન ઈન્ડિયા આધારિત સમાજ ઉપયોગી ઈનોવેટિવ આઈડિયા આપતો પ્રોજેકટ પસંદ કરી ઈન્સ્પાયર એવોર્ડ માટે મોકલાયો છે. ખંભાતની સરકારી માધ્યમિક શાળા લુણેજનાં ધો. ૯ માં ભણતા વિદ્યાર્થી વિશાલકુમાર મકવાણાએ વિજ્ઞાન શિક્ષક વિનોદભાઈ કે. સલાટના માર્ગદર્શનમાં તૈયાર કરેલો પ્રોજેકટ ડ્રોન એમ્બ્યુલન્સ રાજ્યકક્ષાએ કોમ્પીટીશનમાં સામેલ થશે.

ડ્રોન એમ્બ્યુલન્સનો વિચાર ભવિષ્યમાં ખૂબ જ ઉપયોગી થશે.

આ પ્રસંગે શાળાના આચાર્ય આર. એ. દીવાન, શિક્ષક એમ. એમ. સૈયદ અને સાજીત દીવાને વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતા.

આણંદ જિલ્લામાં જાન્યુઆરી ૨૦૧૯ માં પાંચ ઔદ્યોગિક રોજગાર ભરતી મેળા યોજાશે

આણંદ, તા. ૧૦

જિલ્લા રોજગાર કચેરી, આણંદ (મોડલ કેરીયર સેન્ટર આણંદ) દ્વારા રોજગારવાચ્છું ઉમેદવારો માટે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આજે તા.૧૧/૧/૨૧૯ના રોજ જિલ્લા રોજગાર કચેરી, આણંદ, તા.૧૭/૧/૨૦૧૯ના રોજ સરકારી આઈ.ટી.આઈ. વાસદ, પાયલ સીનેમા પાછળ વાસદ, તા.૨૨/૧/૨૦૧૯ના રોજ શ્રી આર.કે.પરીખ આર્ટસ અને સાયન્સ કોલેજ, દંતાલી રોડ, પેટલાદ, તા.૨૫/૧/૨૦૧૯ના રોજ સરકારી આઈ.ટી.આઈ. સોજીત્રા (દુધીપુરા) નાગરિક પુરવઠા ગોડાઉન પાસે મુ. દુધી પુરા, તા.૩૦/૧/૨૦૧૯ના રોજ શ્રીમતી બી.સી.જે.કોલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ) શ્રી બી.ડી.રાવ કોલેજ કેમ્પસ કોલેજ રોડ મુ. કટકપુર, ખંભાત ખાતે યોજનાર છે. જેમાં નોકરીદાતાઓ દ્વારા ખાલી જગ્યાઓ ઉપર ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવશે. એસ.એસ.સી., એચ.એસ.સી., આઈ.ટી.આઈ, ડીપ્લોમાં અને અન્ય ગ્રેજ્યુએટ જેવી લાયકાત ધરાવતા રોજગાર વાચ્છુ ઉમેદવારે જરૂરી બાયોડેટાની પાંચ નકલ નકલ સાથે હાજર રહેવું. જેથી ઉમેદવારોને પોતાની લાયકાતને અનુરૂપ રોજગારી મેળવી શકશે.તેમ જિલ્લા રોજગાર કચેરી, આણંદની યાદીમાં જણાવાયુ છે.

ખોવાયેલ છે
કાનજીભાઈ ચીમનભાઈ હરીજન, રહે. ઈન્દિરાનગર, કરમસદના નામની Yoga Sahin ટુ વ્હીલર જેનો રજી.નંબર GJ-23-BR-6345 જેની આરસી બુક તા.૧/૧/૧૯ના રોજ અમારા નિવાસ સ્થાનથી વલ્લભ વિદ્યાનગર જતાં ક્યાંક પડી ગયેલ છે. જે મળે તો જાણ કરવા વિનંતી. યોગ્ય વળતર મળશે.
M 6358696829

જાહેર નોટીસ એન.કે.મુછાર (GAS), સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, આણંદની કોર્ટમાં, મુ.આણંદ
અરજદારશ્રીના વકીલશ્રી, આર.એમ.ચૌહાણ
અરજદાર : રાજેશકુમાર જ્ઞાનચંદ ખત્રી નં.જ.મ.ય/એસ.આર.નં.૨૦૮/૧૮
રહે.રણછોડનગર સોસાયટી, ખાકરોલ પાર્ટ, નાના ભજાર, મુ.વિદ્યાનગર, તા.જી.આણંદ
વિરુદ્ધ
સામાવાળા : જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી, આણંદ નગરપાલિકા, ખાકરોલ ઝોન, તા.જી.આણંદ
વિષય : જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત
આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી રાજેશકુમાર જ્ઞાનચંદ ખત્રી મોજે વિદ્યાનગર, તા.જી.આણંદનાઓના કાકાશ્રી બંસીલાલ હરીશચંદ ખત્રીનું અવસાન તા.૧૨/૧૦/૧૯૮૬ના રોજ, મુ.ખાકરોલ, તા.જી.આણંદ ખુલ્લે થયેલ છે. અને તેમના અવસાનની નોંધણી જે તે વખતે કાપલીથી અજાણ હોઈ ભુલ અને ક્ષતયુકતી કરાવવાની રહી ગયેલ છે. તેની નોંધણી કરાવવા અંતેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અંતેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં આ તો મુદત તા.૨૪/૧/૨૦૧૯ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.
આજરોજ તા.૧૨/૧૨/૨૦૧૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો. (કોર્ટનો સિક્કો)
હુકમથી : એન.કે.મુછાર
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, આણંદ

જાહેર નોટીસ એન.કે.મુછાર (GAS), સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, આણંદની કોર્ટમાં, મુ.આણંદ
અરજદારશ્રીના વકીલશ્રી, આર.એમ.ચૌહાણ
અરજદાર : રાજેશકુમાર જ્ઞાનચંદ ખત્રી નં.જ.મ.ય/એસ.આર.નં.૨૧૦/૧૮
રહે.રણછોડનગર સોસાયટી, ખાકરોલ પાર્ટ, નાના ભજાર, મુ.વિદ્યાનગર, તા.જી.આણંદ
વિરુદ્ધ
સામાવાળા : જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી, આણંદ નગરપાલિકા, ખાકરોલ ઝોન, તા.જી.આણંદ
વિષય : જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત
આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી રાજેશકુમાર જ્ઞાનચંદ ખત્રી મોજે વિદ્યાનગર, તા.જી.આણંદનાઓના દાદાશ્રી હરીશચંદ ખત્રીનું અવસાન તા.૧૨/૧૦/૧૯૮૬ના રોજ, મુ.બાકરોલ, તા.જી.આણંદ ખુલ્લે થયેલ છે. અને તેમના અવસાનની નોંધણી જે તે વખતે કાપલીથી અજાણ હોઈ ભુલ અને ક્ષતયુકતી કરાવવાની રહી ગયેલ છે. તેની નોંધણી કરાવવા અંતેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અંતેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં આ તો મુદત તા.૨૪/૧/૨૦૧૯ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.
આજરોજ તા.૧૨/૧૨/૨૦૧૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો. (કોર્ટનો સિક્કો)
હુકમથી : એન.કે.મુછાર
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, આણંદ

પ્રા.આ. કેન્દ્ર, યોગીનગરના ડુમરાલ સેન્ટરમાં શાળા આરોગ્ય સપ્તાહ ઉજવાયું

આણંદ, તા. ૧૦

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર યોગીનગર હસ્તકના સબ સેન્ટર ડુમરાલ ખાતે પ્રાથમિક શાળામાં શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ સમાહની ઉજવણી કરવામાં આવી. જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફીસર ડો હર્ષદ નાયક, શાળાના આચાર્ય સુધાબેન પટેલ, બાળ ડોકટર પ્રકાશ ભોઈ, ડુમરાલ ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતિના ચેરમેન મહેશભાઈ સોઢા, તાલુકા હેલ્થ સુપરવાઈઝર ભૂપેન્દ્ર મેકવાન, નોડલ શિક્ષક ઉર્વશીબેન બ્રહ્મભટ્ટ દ્વારા દીપ પ્રાગટ્ય કરી શરૂઆત કરવામાં આવી.

મહા મમતા દિવસ નિમિત્તે પોષણ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં બાળ તંદુરસ્તી હરીફાઈ, તંદુરસ્ત સગર્ભા હરીફાઈ, પૌષ્ટિક વાનગી હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં આંગણવાડી કાર્યકર તેમજ આશાવર્કર બેનોએ ભાગ લીધો હતો. શાળામાં આરોગ્ય પ્રદર્શન અને વાલી મિટિંગ કરવામાં આવેલ હતી.

ડો વિપુલ અમીને હાજર રહી માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

ફુલછત્રપુરા પ્રા. શાળામાં સદ્‌ભાવ ફાઉ. મહેસાણા દ્વારા સ્વેટર વિતરણ કરાયું

આણંદ, તા. ૧૦

કઠલાલ તાલુકાની ફુલછત્રપુરા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ૧૫૯ બાળકોને સદ્‌ભાવ ફાઉન્ડેશન મહેસાણા દ્વારા મફત સ્વેટર વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સદ્‌ભાવ ફાઉન્ડેશનની ટીમના સભ્યો તથા તેઓના પરિવારના સભ્યો આ પ્રસંગે હાજર રહ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય દાતા (હાલ શિકાગો અમેરિકા) પટેલ સુભાષચંદ્ર એમ. તેમના ધર્મપત્ની રસીલાબેન પટેલ, રાજેન્દ્રભાઈ એમ. પટેલ, આર્ય સંનિષ્ઠ કાર્યકરો પટેલ ઔરાગકુમાર, પટેલ જીગરકુમાર, પટેલ રોનકકુમાર, પટેલ નિરવકુમાર અને પટેલ રિદ્ધિબેન હાજર રહી સ્વેટર વિતરણ કરવામાં આવ્યા.

સદર કાર્યક્રમમાં ગામના સરપંચ, ગામ આગેવાનો તથા સ્વામિનારાયણ મંદિરના સ્વામી ચંદ્રપ્રકાશજીએ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળા પરિવારના શિક્ષકો અને મુ.શિ. યાકુબભાઈ બેલીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

આણંદ નગરપાલિકા, આણંદ
ઢોરના માલિકોને જાણવા જોગ
આથી આણંદ નગરપાલિકા હદ વિસ્તારમાં ઢોરો રાખતા માલિકોને જણાવવામાં આવે છે કે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ના નિયમો મુજબ ઢોરોની નોંધણી કરાવવી ફરજિયાત છે. આ અગાઉ નગરપાલિકા દ્વારા ઘણી વખત ઢોરોની નોંધણી કરાવવા દૈનિક અખબારોમાં અવાર નવાર જાણ કરેલ છે. તેમ છતાં કોઈપણ જાતના ઢોરોની આજદિન સુધી અત્રે નોંધણી કરવામાં આવેલ નથી. હાલમાં નગરપાલિકા તથા પોલીસની સંયુકત ટીમ દ્વારા શહેરમાં રખડતા ઢોરોને પકડવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેથી રસ્તા ઉપરથી રખડતું ઢોર પકડાશે તેવા સંજોગોમાં તે ઢોર નધણીયાતું તેમ ગણીને પકડાયેલ તમામ ઢોરોને સીધા જ પાંજરાપોળમાં મોકલી આપવામાં આવશે. જેની કોઈપણ જાતની જવાબદારી નગરપાલિકાની રહેશે નહિ. જેની નોંધ લેશો.
સહી/- રમેશભાઈ એમ.જોષી
ચીફ ઓફીસર
આણંદ નગરપાલિકા, આણંદ
આણંદ, તા.૧૦/૧/૨૦૧૯

જાહેર નોટીસ
આથી લાગતા વળગતા તથા જનતાને જણાવવાનું કે મારે ગામ કરમસદના સર્વે નં. ૩૮૨/૨બ, ૧+૨બ+૧+૧બ, ૩૮૨/૨ ૩૮૩/૨ પૂંજા એસ્ટેટના ગ્રાઉન્ડ ફલોર ઓફીસ નં.જી/૧૧, જેનું ક્ષેત્રફળ ૧૮.૫૮ ચો.મી. વણવહેંચાયેલ હિસ્સાની ક્ષેત્રફળ ૦.૭૯૭ ચો.મી. વાળી મિલકત વિક્રમકુમાર મોતીલાલ ધોકા રહે., ૧૨૭૬, બાલકીવાસ સાન્ડેરાવ જી. પાલી રાજસ્થાનનાઓની માલીકી કબ્જા ભોગવટાની આવેલી છે. સદર જમીન તેઓ અમારા અસીલ જયેન્દ્ર નવનીતભાઈ સોની રહે. વડોદરાનાઓ ને વેચાણ કરવા માંગે છે જેથી અમારા અસીલ સદર મિલકત વેચાણ દસ્તાવેજ કરવા માંગતા હોય જેથી સદર મિલકત અંગે કોઈપણ ઈસમનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો તથા ઈલાખો હોય કે ભરણ પોષણનો હક્ક દાવો હોય કે હુકમનામા અથવા તારણ હોય અથવા કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં લેખીત પુરાવા સાથે પોતાના વાંધા કે તકરાર અમારી પાસે રજુ કરવા. જો મુદત અંદર આવા કોઇ વાંધા કે તકરાર નહીં આવે તો આ બાબતે કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક દાવો ઈલાખો કે વાંધો કે તકરાર નથી અન્ય કોઈપણ પ્રકારનો હક્ક દાવો નથી તેમ માની અમારા અસીલ દસ્તાવેજ કરાવી લેશે. તો ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ધ્યાનમાં લેવામાં આવશે નહીં. તેની નોંધ લેશો.
તા.: ૧૦/૦૧/૨૦૧૯ અસીલની સુચના અનુસાર
સ્થળ : આણંદ
દિલિપકુમાર સી. શાહ
એડવોકેટ - નોટરી
૧લે માળે, ચાવડા એસ્ટેટ, ન્યુ ડીસ્ટ્રીક્ટ સેવા સદન, ગણેશ કોસીંગ પાસે, આણંદ.